

# પિતા-પુત્રીનો અનોખો પતંગ પ્રેમ: 4900 પતંગોનું અદ્દભૂત છે કલેક્શન

**હજી તો ડિસેમ્બર પત્યો નથી ત્યાં સુરતના આકાશમાં પતંગ ઉડતા દેખાવા લાગ્યા છે. આ જ તો સુરતીઓનો પતંગ પ્રત્યેનો પ્રેમ છે. આમાં પણ સુરતના એક પિતા અને પુત્રીનો પતંગ પ્રેમ અનોખો તરી આવે છે. પિતા-પુત્રી ઇન્ટરનેશનલ કાઇટ ફેસ્ટિવલમાં પતંગબાજી કરી લોકોનું ધ્યાન પણ પોતાની તરફ ખેંચે છે અને તેઓ અવનવા પતંગો બનાવવામાં પણ માહિર છે. તમે નહીં માનો પણ 15-16 વર્ષમાં તેમણે 4900 જેટલા નાનાથી માંડીને 15-20 ફૂટના પતંગોનો સંગ્રહ કર્યો છે. ચાઈના, ઇન્ડોનેશિયા, જાપાન, સિંગાપોર, વિયેતનામ વગેરે 34 દેશોના પતંગોનો સંગ્રહ આ પિતા-પુત્રીની જોડીએ કર્યો છે. તેઓ આકાશમાં પતંગબાજીના જે કરતબો કરે છે તેનાથી દેશ-વિદેશના લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે. તેમણે કાઇટ્સ કોમ્પિટિશનમાં મેડલ, ટ્રોફી મેળવી સુરતનું નામ રોશન પણ કર્યું છે. તો ચાલો આ પિતા-પુત્રીની જોડી વિશે જાણીએ કે તેઓને પતંગો પ્રત્યે પ્રેમ કઈ રીતે જાગ્યો, તેમના પતંગોમાં શું અવનવું છે?...**





## આ પતંગો છે ધ્યાનાકર્ષક

બનાના જોકર કાઈટ, ડ્રેગન, ડેલ્ટા, ફ્લુટ કાઈટ, હાર્ટ શેપ કાઈટ તો ધ્યાનાકર્ષક છે. ફ્લુટ કાઈટમાં કાઈટ પર ફ્લુટ લગાવેલી હોય તેમાં હવા પ્રવેશે એ સાથે ફ્લુટમાંથી સુમધુર અવાજ નીકળે છે. પ્લાસ્ટિકમાંથી જે પતંગ બનાવ્યા છે તેમાં એક્સ-રેના સળી જેટલા ભાગોનો રો મટીરીયલ તરીકે ઉપયોગ કર્યો છે. સ્પીટ્ર્સ કાઈટ ઉડે ત્યારે બાઇક ચાલતી હોય ત્યારે જે અવાજ આવતો હોય તેઓ અવાજ આવે છે. ચાઈનામાં કાઈટ ઓલમ્પિક થયો હતો તેમાં નિતેશભાઈએ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. આ પિતા-પુત્રીએ સર્ટિફિકેટ્સ, મેડલ્સ, ટ્રોફી મેળવી છે.

## ધ્વનિએ બનાવ્યા 1500 કાઈટ, ફાધર પણ છે ઇન્ટરનેશનલ કાઈટીસ્ટ





ધ્વનિ લકુમ 10 વર્ષથી ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં પાર્ટીસિપેટ કરે છે. તેની પાસે પોતાના બનાવેલા 1500 જેટલા કાઈટનો ખજાનો છે, જેમાં હથેળી જેટલી સાઈઝના 300થી વધારે પતંગ છે જે તેણે જાતે બનાવ્યા છે. આમા બર્ડ્ઝ શેપના પતંગ છે કેરેક્ટર્સ પતંગ છે જેમાં અલગ અલગ કાર્ટૂન કેરેકટરના જેમકે સ્મુર્ફસની ફેમિલી મેમ્બર્સના, રેબિટના આકારનો, ફિશની શેપના પતંગોમાં શાર્ક, ડોલ્ફિન ઉપરાંત સ્નેકમાં એનાકોન્ડાના આકારના પતંગોનો સમાવેશ થાય છે. 15થી 20 ફૂટના મોટા 100 જેટલા પતંગ છે. ધ્વનિના ફાધર નિતેશ લકુમ પાસે પણ પતંગોનો ભંડાર છે. જોકે, તેમના બનાવેલા પતંગની સંખ્યા લગભગ 980 છે બાકીના તેમણે અલગ અલગ દેશમાંથી મેળવેલા પતંગ છે. 34 કન્ટ્રીઝમાં તેમણે કાઈટ ફેસ્ટિવલમાં ભાગ લીધો હતો. ત્યાંના સ્પેશ્યલ કાઈટ મેળવી તેમને પોતાનું પતંગનું કલેક્શન સમૃદ્ધ બનાવ્યું છે. ઝીરો વિન્ડ કાઈટ કે જે બંધ રૂમમાં ઉડાવી શકાય તેવા કાઈટ, રિમોટ કન્ટ્રોલ કાઈટ, સ્પોર્ટ્સ કાઈટ, ફાઈટર કાઈટનું કલેક્શન પણ છે.

## રાધા-કૃષ્ણ, કેડિયું સહિતના ત્રણ પતંગ ચાઈનાના મ્યુઝિયમમાં





10 વર્ષ પહેલાં આ સુરતી છોકરીએ ત્રણ પતંગ બનાવ્યા હતા જેમાં રાધા કૃષ્ણના ચિત્રવાળો 10 ફૂટનો એમ્બ્રોઇડરી વર્કનો પતંગ તથા ગુજરાતી કેડિયું પતંગ અને કાજુ કતરીના ત્રિકોણ શેપના પતંગનો સમાવેશ થાય છે. આ એમ્બ્રોઈડરી વર્કના પતંગ ચાઈનાના બે શહેર વેઈફિંગ અને વુહાન આ બે સિટીના મ્યુઝિયમમાં ડિસ્પ્લે કરાયા છે. 10 વર્ષ પહેલાં આ કાઇટ્સ તેણે ચાઈનામાં આયોજિત ઇન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં ઉડાવ્યા હતાં.

## મેંગ્લોરમાં ઝાડ પર 10 ફૂટનો પતંગ ફસાયો હતો ત્યારે ઇજા થઇ હતી



કેટલાંક વર્ષ પહેલાં મેંગ્લોરમાં ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ દરમિયાન ધ્વનિ ઈન્ડિયાનો લિફ્ટર 10 ફૂટનો પતંગ ઉડાવી રહી હતી પણ ઝડપી પવનને કારણે પતંગ ઝાડ પર ફસાયો. એવું લાગતું હતું કે તે આરામથી નીકળી જશે પણ ઉત્સાહ ને ઉત્સાહમાં પતંગ બહાર કાઢવામાં પતંગને તો થોડું નુકસાન થયું પણ તેને પણ હથેળીમાં ઈજા થઈ હતી. આ તેના જીવનનો બેડ એક્સપિરિયન્સ રહ્યો. સારો અનુભવ એ હતો કે પહેલીવાર ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં ભાગ લેવા ચાઈના ગઈ હતી ત્યારે ડર લાગતો હતો કે કઈ રીતે પતંગ ઉડશે, ઉડશે કે નહીં તેનો ડર લાગતો હતો પણ બધું જ સ્મૂથલી થયું એ અનુભવ સુખદ રહ્યો.

## કાપડમાંથી પતંગ બનાવવું સહેલું નહીં હતું, એક વર્ષ મહેનત કરી



21 વર્ષની ધ્વનિ લકુમ ઇલેક્ટ્રિક એન્જીનીયરીંગના ત્રીજા વર્ષમાં ભણે છે. તે 10 વર્ષથી ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં પતંગ ઉડાવે છે. તેણે જણાવ્યું કે, મારા ફાધર નિતેશભાઈ લકુમ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે 15-16 વર્ષથી પતંગો ઉડાવે છે. ધ્વનિ કહે છે કે કાગળના પતંગ બનાવવા બહુ મુશ્કેલ નથી પણ કાપડના પતંગ બનાવવા મુશ્કેલ છે હું તે બનાવવા ખૂબ મહેનત કરતી પણ મને સફળતા મળતી નહીં હતી. આખરે મારી મહેનત રંગ લાવી અને મેં પતંગ બનાવ્યો. હું કોલેજમાંથી આવું ત્યારે, શનિવારે કે રવિવારની રજામાં, જાહેર રજાઓમાં પતંગ બનાવું છું. રિસ્ટોપ કાપડ, છત્રીના કાપડમાંથી પતંગ બનાવાય છે. નિતેશભાઈ લકુમે જણાવ્યું કે, હું મોડી રાત્રે ઘરના બધા સુઈ જાય પછી અથવા વહેલી સવારે 4 વાગે પતંગ બનાવવા બેસુ. કેમકે, પતંગ બનાવવા માટે 25 પ્રકારની વસ્તુઓ લઈને બેસવું પડે છે. મેં એવા પતંગ પણ બનાવ્યા જેમાં 10 પતંગમાં આખી રામાયણના પ્રસંગો આવી જાય છે. ભગવાન રામના જન્મથી લઈને દરેક પ્રસંગ દર્શાવતા 10 પતંગો બનાવ્યા છે. ધ્વનિએ ગુજરાત ટુરિઝમના લોગોનો પતંગ બનાવ્યો છે.

## 150-200 LED કાઈટ છે જે રાત્રે આકાશને રંગીન અને ખૂબસુરત બનાવે છે

દિવસે તો પતંગ ઉડતા જ હોય પણ રાત્રીના પણ પતંગ ઉડે અને તે કલરફુલ દેખાવાની સાથે આકાશને ખુબસુરત બનાવે તે માટે LED લાઈટ્સના 150 થી 200 પતંગ બનાવ્યા છે. જેમાં કાંગરુ, હેરી પોટરના મોટા LED કાઈટ છે. આવા કાઈટ સાંજે 7 પછી ઉડાવવામાં આવે છે. આ વખતે 2026માં જાન્યુઆરીમાં ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં હનુમાન પતંગ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ કાઈટ નીચે રહેશે તેની ઉપર પાયલોટ કાઈટ રહેશે જેમાં ગુજરાતના ગિરનો સિંહ, ગુજરાતના ગરબા અને અન્ય ગુજરાતની સંસ્કૃતિની ઝલક જોવા મળશે.



# સિટીને મહેકાવતું સુરતનું ફ્લાવર્સ માર્કેટ પ્રિ-વેડિંગ ફોટો શૂટ માટે બન્યું પોપ્યુલર

**તમને જાણીને નવાઈ લાગશે કે સુરત જાતજાતના 150 પ્રકારના લાખો કલરિંગ ફલાવર્સને કારણે રોજ સવારે ફૂલોની નગરી બની જાય છે. જ્યારે રાત્રીના 3 વાગે સુરતીઓ મીઠી નીંદર માણતા હોય છે ત્યારે અશ્વનિકુમાર રોડ વિસ્તારમાં બ્રિજ નીચે લાખો ફૂલો ઠલવાતા હોય છે અને તેની ખૂશ્બુથી શહેર મહેકવા લાગે છે. ભરૂચથી ફૂલો લઈને ખેડૂતો અહીં વહેલી સવારે ચાર વાગે પહોંચી જતા હોય છે. ચાર વાગે તો આ ફૂલ માર્કેટ ફૂલ વિક્રેતાઓ અને ગ્રાહકોથી ધમધમવા લાગે છે. ગુલાબ અને સેવંતી આ બંને પ્રકારના ફ્લાવર્સ બ્લેક સિવાય તમામ કલરમાં અહીં જોવા મળે છે. સવારે 10-11 વાગ્યાં સુધી તો આ આખી જગ્યા પર જાણે ફૂલોની ચાદર બિછાવવામાં આવી હોય તેવો માહોલ જોવા મળે છે. આ માર્કેટ રોજ અમુક જ કલાકો માટે ભરાય છે પણ વ્હાઈટ, સ્વીટ પિંક, યેલો, સેફ્રોન, રેડ કલરના રોઝીસ, ડેઝી, ઓર્કીડ, જીપ્સી, સનફ્લાવર, ટ્યુલિપ્સ, એસ્ટર અને બીજા અનેક પ્રકારના ફુલોથી મઘમઘતા આ માર્કેટની શરૂઆત કઈ રીતે થઈ, અહીં દેશની કઈ કઈ સિટીઝમાંથી ફૂલો આવે છે અને હવે આ ફ્લાવર્સ માર્કેટ પ્રિ-વેડિંગ શૂટ માટે કેમ ટ્રેન્ડિંગ છે, તે વિશે જાણીએ...**




## 35 વર્ષ પહેલાં સુરતમાં ફૂલ માર્કેટ નહીં હતું, ગ્રાહકોની ફૂલોની ઉતાવળને કારણે માર્કેટ બન્યું

અશ્વનિકુમાર રોડ વિસ્તારમાં ભરાતા ફૂલ માર્કેટના પ્રમુખ કમલેશભાઈ માળીએ જણાવ્યું કે, સુરતમાં 1990થી ફુલોનું માર્કેટ અસ્તિત્વમાં આવ્યું છે. એ પહેલાં તો ઘરેથી જ ફુલોનો બિઝનેસ કરવામાં આવતો. આ માર્કેટ અસ્તિત્વમાં આવ્યું તેની એક દિલચસ્પ કહાની છે. પહેલાં ટ્રેનમાં જરૂરિયાત પ્રમાણેના ફૂલો લાવવામાં આવતા. સ્ટેશનેથી ઘરે ફૂલો લઈ જતા ત્યારબાદ ગ્રાહકો ફુલવિક્રેતાઓના ઘરે ફૂલો ખરીદવા જતાં. જોકે, કેટલાંક ગ્રાહકોને ફૂલો લેવાની ઉતાવળ રહેતી એટલે સ્ટેશન પાસેથી જ ગ્રાહકો ફુલવિક્રેતાઓ પાસેથી ફૂલો ખરીદી લેતાં એને કારણે 7થી 8 વિક્રેતાઓએ સ્ટેશનની સામે 1990થી ફુલોનું વેચાણ શરૂ કર્યું. તેમાં મારા ફાધરનો પણ સમાવેશ થતો. બાદમાં આ માર્કેટ સ્ટેશન આયુર્વેદિક કોલેજ પાસે ભરાવા લાગ્યું, પછી ખાંડ બજાર ગરનાળા બહાર તેને ખસેડાયું પણ ત્યાં ટ્રાફિકની સમસ્યાને કારણે 2006માં અશ્વનિકુમાર રોડ વિસ્તારમાં બ્રિજ નીચે માર્કેટ માટે પરમેનન્ટ જગ્યા ફાળવવામાં આવી. અહીં 250 જેટલાં ફૂલ વિક્રેતાઓ બિઝનેસ કરે છે. ભરૂચથી ખેડૂતો ડાયરેકટ આ માર્કેટમાં ફૂલો વેચવા આવે છે.





## પહેલા રોજ 3000 કિલો ગલગોટાની માંગ રહેતી જે હવે 2 લાખ કિલો થઈ

એક સમયે સુરતની વસ્તી ઓછી હતી ત્યારે ગલગોટાની રોજની ડીમાંડ લગભગ 3 હજાર કિલોની હતી. હવે વસ્તી પણ વધી છે અને લોકો જાત જાતના કલરફુલ ફલાવર્સની ડિમાન્ડ કરવા લાગ્યા છે. રોજના દોઢથી 2 લાખ કિલો ગલગોટા સુરતના ફૂલ માર્કેટમાં ઠલવાય છે. સીઝનમાં ગલગોટાની ડિમાન્ડ હાઈ થઈ જાય છે ત્યારે રોજના 4 લાખ કિલો ગલગોટાની ખપત થાય છે. જ્યારે કલરફુલ ગુલાબની રોજના 3થી 4 હજાર કિલો, છૂટક ગુલાબ એક હજાર કિલો વેચાય છે.

## કલરફુલ અને યુનિક બેકગ્રાઉન્ડને કારણે અહીં પ્રિ-વેડિંગ ફોટો શૂટનો ટ્રેન્ડ

છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી અહીં પ્રિ-વેડિંગનો ફોટો શૂટનો ટ્રેન્ડ છે. અહીં અનેક કલરના ફુલોને કારણે ફોટો વાઈબ્રન્ટ (જીવંત) લાગે છે. અહીં ક્લોઝ અપ શૉટ (ફૂલોની પાંખડીઓ પર ફોક્સ) અને વાઇડ શોટ્સ (ફૂલ વિક્રેતાં અને કલરફુલ ફૂલોની ટોકરીઓની સાથે) લઈ શકાય છે. જે ટ્રેડિશનલ અને મોર્ડન બંને લુક આપે છે. ખાસ કરીને ભારતીય પરિધાન સાડીમાં બ્રાઇડ હોય. મેરેજ સિઝન પહેલા અહીં રોજના 7-8 પ્રિ-વેડિંગ શૂટ થતાં હોય છે. અહીં ભાવિ દુલ્હા-દુલ્હન ફૂલ સૂંઘતા, એક બીજાને ફૂલ આપતા અથવા બજારની રોનકમાં ખોવાઈ ગયા હોય તેવા ફોટો કેપ્ચર કરાતા હોય છે. પ્રિ-વેડિંગ વખતે ફૂલોની માળા, ફુલોથી ભરેલી ટોકરીઓ અને ફૂલોની પાંખડીઓનો પ્રોપ્સ તરીકે ઉપયોગ કરે છે. પ્રિ-વેડિંગના ફોટો શૂટ થાય અને તેની રિલ્સ બને તો લોકો તે જુવે અને એ રીતે આ ફૂલ માર્કેટમાં આવવા લોકો વધારે આકર્ષાય છે.

## સુરતમાં ક્યાં ક્યાંથી આવે છે ફૂલો, ઈંગ્લીશ ફલાવર્સની શરૂઆત ક્યારથી થઈ



ફૂલ વિક્રેતા અનિલભાઈ રાજપુત અને ભાવેશભાઈ યાદવે જણાવ્યું કે, પહેલાં સુરતમાં અમદાવાદ, વડોદરા,આણંદ, ઉજૈનથી ફૂલો આવતા અને તે પણ ગલગોટા. ગુલાબ અને પારસ ભરૂચના પાલેજથી આવે છે. ઓર્કીડ પુણે, મુંબઈ, બેંગ્લોર, થાઈલેન્ડથી આવે છે. સનફ્લાવર્સ અને રાજનીગંધા પુણેથી, સેવંતી અને જીપ્સી નાસિકથી, બટન ફ્લાવર નાસિક અને પુણેથી, એસ્ટર નામના ફૂલ અહેમદનગરથી આવે છે. બેંગ્લોર, કોલકતા, રતલામ અને જરૂર પડે તો અજમેર, જયપુરથી પણ ફૂલો લાવવામાં આવે છે.

## મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**

## લઉં છું સંકલ્પ, સવારે ઉઠીને દોડવાના પણ રોજ સપના દેખાય છે મને માત્ર ખાવાના




નવું વર્ષ આવે અને નવા સંકલ્પો લેવાય, પરંતુ વર્ષાંતે પણ આ સંકલ્પો પુરાં નહીં થાય નવા વર્ષની શરૂઆત સાથે હોય છે શિયાળાનો સંગમ, લઉં છું વહેલા ઉઠીને દોડવાની કસમ, પણ ઉડતી નથી ઉંઘ અને ઉઠવાનું નથી થતું મન શ્રીમતીજી રોજ ઉઠાડવા માટે ખેંચે છે ગોદડું, પરંતુ રોજ સંકલ્પો મુદ્દે મન થઇ જાય છે મારૂં મોળું